દેશભક્તિભાવ સાથે આજે સ્વતંત્રતા દિવસ ઉજવાશે

નવી દિલ્હી,તા. ૧૪

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અને આતંકવાદી હુમલાની દહેશત વચ્ચે આવતીકાલે દેશભરમાં ૬૬માં સ્વતંત્રતા દિવસની પરંપરાગત અને દેશભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવનાર છે. આની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. દરેક રાજયમાં સ્વતંત્રતા દિવસને લઈને જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી ચુકયુ છે. ઘણી યોજનાઓ પણ આવતીકાલે જાહેર કરવામાં આવશે. સ્કૂલ, સરકારી સંસ્થાઓમાં પણ સ્વતંત્રતા દિવસ પ્રસંગે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દેશમાં મુખ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં યોજાશે. સ્વતંત્રતા દિવસને લઈને દેશભરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સ્વતંત્રતા દિવસ પ્રસંગે દર વર્ષે સુરક્ષા વધારી દેવામાં આવે છે.

રાષ્ટ્રીય પાટનગર નવીદિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીને લઈને ચારેતરફ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે. ખાસ કરીને દિલ્હીનાં ઐતિહાસિક લાલકિલ્લાની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. પશ્ચિમ દિલ્હીમાં હજારો અર્ધસૈનિક દળનાં હજારો જવાનોને તેનાત કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મનમોહનસિંહ આવતીકાલે ઐતિહાસિક લાલકિલ્લા પર ધ્વજ ફરકાવશે અને દેશની જનતાને સંબોધશે. પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન છેલ્લા વર્ષ દરમિયાન તેમની સરકાર દ્વારા હાંસલ કરવામાં આવેલી સફળતા ઉપર પ્રકાશ ફેકશે. સાથે સાથે મહત્વપૂર્ણ મુદ્દા ઉઠાવશે. કેટલીક યોજનાઓ પણ જાહેર કરે તેવી શકયતાઓ છે. હાલમાં પ્રવૃતિ રહેલી સ્થિતિ, મોંઘવારી અને આર્થિક વિકાસના મામલા અંગે પણ દેશના લોકોને પોતાના સંબોધનમાં મનમોહન સિંહ માહિતી આપે તેવી શકયતા છે. વડાપ્રધાન સ્વતંત્રતા સંગ્રામની લડાઈમાં શહિદ થયેલા નેતાઓને અંજલી પણ આપશે. પોલીસનાં એક વરિષ્ઠ અધિકારીએ વિગત આપતાં કહ્યું છે કે, મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારનું જોખમ લેવામાં આવી રહ્યું નથી.

હાલમાં જ આસામમાં સાંપ્રદાયિક હિંસા અને તેની અસર મુંબઈમાં નોંધાયા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે. સુરક્ષાને ધ્યાનમાં લઈને છેલ્લા ઘણા દિવસથી રિહર્સલનો દોર ચાલી રહ્યો છે. તમામ રાજ્યો પોતપોતાની રીતે સુરક્ષા વ્યવસ્થા તરફ વિશેષ ધ્યાન આપી રહ્યા છે. આતંકવાદી હુમલા થવાની ગુપ્ત માહિતી મળ્યા બાદ કોઈપણ તક લેવા સુરક્ષા સંસ્થાઓ ઈચ્છુક નથી. પુણેમાં તાજેતરમાં સિરિયલ બ્લાસ્ટ થયા હતા. આસામ અને મુંબઈમાં હિંસા પણ ચિંતા ઉપજાવે તેમ છે. લાલકિલ્લાની અંદર અને આસપાસ ૩૦થી વધુ સીસીટીવી કેમેરા ગોઠવી આવ્યા છે. આ ઉપરાંત ૧૭મી સદીનાં મોગલ સ્મારકની આસપાસ એનએસજીનાં કમાન્ડોને તૈનાત રાખવામાં આવ્યા છે. લાલ કિલ્લામાં પ્રવેશ કરનાર લોકો ઉપર નજર રાખવામાં આવી રહી છે. ત્રાસવાદી હુમલો થવાની સ્થિતિમાં વડાપ્રધાન અને અન્ય નેતાઓને તાત્કાલિક ક્યાં રાખી દેવામાં આવે તેવા સુરક્ષિત આવાસ પણ બનાવવામાં આવ્યા છે.

લાલકિલ્લાની આસપાસનાં તમામ વિસ્તારોની ચકાસણી કરવામાં આવી ચૂકી છે. રેપિડ એકશન ફોર્સ અને અન્ય ખાસ સુરક્ષા ટુકડી તૈનાત કરવામાં આવી છે. સંસદ સંકુલ, આંતરરાષ્ટ્રીય વિમાની મથક, રેલવે સ્ટેશન, આંતરરાજ્ય બસ ટર્મિનલ, મેટ્રો સ્ટેશન જેવાં મુખ્ય સ્થળો ઉપર સુરક્ષા રાખવામાં આવી રહી છે. ૧૫ ઓગસ્ટનાં દિવસે કોઈપણ આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવા હેલિકોપ્ટર મારફતે સુરક્ષા રાખવામાં આવશે. સરહદી ચોકી પર દિલ્હી પોલીસે તપાસ તીવ્ર બનાવી દીધી છે. ગેસ્ટહાઉસ, સાયબર કેફે, ટેલિફોન બુથ, ટેકસી સેવાનાં સંચાલકોને પણ પોતાનો ગ્રાહકો ઉપર નજર રાખવાનું કહેવામાં આવ્યું છે. તમામ પ્રકારની માહિતી મેળવ્યા વગર પોતાની સેવા ઉપલબ્ધ ન કરાવવાની ખાસ સૂચના આપવામાં આવી છે. ૬૬મા સ્વતંત્રા દિવસની ઉજવણી પહેલા પશ્ચિમ બંગાળ, ગુજરાત, જમ્મૂ કાશ્મીર, આસામ, મહારાષ્ટ્ર, ઝારખંડ સહિતના રાજ્યોમાં વિશેષ પગલા લેવામાં અવ્યા છે. ઉપરાંત કર્ણાટકમાં રેલવેને ટાર્ગેટ બનાવી હુમલા કરવાની ધમકી મળ્યા બાદ રાજ્યમાં પહેલાથી જ હાઈ એલર્ટની જાહેરાત કરવામા આવી છે. બેગ્લોરમાં ડીઆઈજીનું કહેવું છે કે વધારાના જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળના સિલિગુડી જીલ્લામાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. કારણ કે બાંગ્લાદેશ સાથેની શરહદ અહીથી જોડાયેલી છે.

કેન્દ્રિયમંત્રી વિલાસરાવ દેશમુખનું નિધન

ચેન્નાઇ,તા. ૧૪

કેન્દ્રિય પ્રધાન અને મહારાષ્ટ્રના ભુતપુર્વ મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખનું આજે ચેન્નૈઇની હોસ્પિટલમાં અવસાન થયું

હતું. દેશમુખ ૬૭ વર્ષના હતા. આશરે આઠ વર્ષ સુધી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહ્યા હતા. કેન્દ્રિય વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન દેશમુખનું અવસાન થતાં તેના સમર્થકો અને રાજકીય પક્ષોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. દેશમુખ રાજકીય વર્તુળોમાં ખુબ જ લોકપ્રિય હતા. કિડ્નીની ફેઈલ થઈ જવાના કારણે તથા લિવરમાં તકલીફ થવાના કારણે તેઓ ઘણા દિવસથી જીવન-મરણ વચ્ચે હતા. આજે બપોરે અંતિમ શ્વાસ લીધા હતા. દેશમુખના અંતિમસંસ્કાર તેમના વતન લાતુરમાં આવતીકાલે સાંજે ચાર વાગે કરવામાં આવશે. આ અગાઉ આજે સવારે જે વ્યક્તિની કિડની અને લિવર દેશમુખને આપવામાં આવનાર હતી તેનું પણ સવારે મોત થયું હતું. વિલાસરાવ દેશમુખ અને તેમની પત્ની વૈશાલી દેશમુખના ત્રણ પુત્ર છે. જેમાં અમિત દેશમુખ, રિતેશ દેશમુખ અને ધિરજ દેશમુખનો સમાવેશ થાય છે. અમિત દેશમુખ લાતુરના ધારાસભ્ય છે જ્યારે રિતેશ દેશમુખ બોલિવુડના અભિનેતા છે. છેલ્લા ઘણા દિવસથી દેશમુખ બિમાર હતા. તેમને મુંબઈની બ્રિચકેન્ડી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ સ્થિતી ગંભીર થયા બાદ એર એમ્બ્યુલન્સ મારફતે ચેન્નૈઇની ગ્લોબલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કિડની અને લિવર ફેઈલ થઈ જવાના કારણે તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યા હતા. ગ્લોબલ હોસ્પિટલના તબીબ કિડની અને લિવર ટ્રાન્સપ્લાન્ટની સંભાવના ચકાસી રહ્યા હતા. ચેન્નૈઇના ૩૧ વર્ષીય સ્કુલવેન ચાલકે કિડની અને લિવર આપવાની જાહેરાત કરી હતી. આ ડ્રાઈવરનું અકસ્માતમાં મોત થયુ હતું. બાઈકથી જઈ રહ્યા હતો ત્યારે ડ્રાઈવરને અકસ્માત નડ્યો હતો. ત્યારબાદ સરકારી હોસ્પિટલમાં આ વ્યક્તિને ખસેડવામાં આવી હતી જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના શક્તિશાળી નેતાઓમાં વિલાસરાવ દેશમુખની ગણતરી થતી હતી.

દેશમુખનું નિધન થતાં બંને ગૃહો તરત જ મોકૂફ થયા

કેન્દ્રિય વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન વિલાસરાવ દેશમુખના અવસાનના સમચાર મળતાની સાથે જ સંસદના બંને ગૃહોની કાર્યવાહી મોકુફ કરી દેવામાં આવી હતી. રાજ્યસભામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા તારિક અનવર દ્વારા દેશમુખના અવસાનના સમાચાર આપવામાં આવ્યા હતા. તારિક અનવર તે વખતે અધ્યક્ષ તરીકે હતા. વિસ્ટ બ્લોવર્સ પ્રોટેક્શન બિલ ઉપર ચર્ચા ચાલી રહી હતી ત્યારે દેશમુખના અવસાનના સમાચાર આપવામાં આવ્યા હતા. જ્યારે લોકસભામાં માઓવાદીના હિંસા પ્રશ્નોની ચર્ચા ચાલી રહી હતી ત્યારે તેમના અવસાનના સમાચાર આપવામાં આવ્યા હતા. એ વખતે અધ્યક્ષ તરીકે રહેલા કોંગ્રેસના સભ્ય પીસી ચાકુ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. ૬૭ વર્ષીય દેશમુખ ચેન્નાઈની હોસ્પિટલમાં હાલ સારવાર હેઠળ હતા. કિડની અને લિવર ફેઈલ થઈ જવાના કારણે દેશમુખની હાલત ગંભીર હતી. તેમના પરિવારમાં ત્રણ પુત્રોનો સમાવેશ થાય છે. જેમાં અભિનેતા રિતેશ દેશમુખનો સમાવેશ થાય છે.

ગરીબીને સંપુર્ણપણે દૂર કરી દેવાની જરૂર : રાષ્ટ્રપતિ

સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિનું રાષ્ટ્રને ઉદ્બોધન

નવી દિલ્હી, તા.૧૪

નવા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આજે ૬૬માં સ્વતંત્રતા

દિવસની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરતા શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉપર વિસ્તાર પુર્વક વાત કરી હતી. તેઓએ ભ્રષ્ટાચાર સામે ચાલી રહેલા હાલના આંદોલન, દેશમાં વિકાસદર, આર્થિક પાસાઓ, ખેડૂતોની દુર્દશા, ભુખમરા, આતંકવાદ, રોગચાળો અને ગરીબી જેવા મુદ્દાઓ ઉપર વાત કરી હતી. પ્રણવે કહ્યું હતું કે ભારતને ગરીબી અને ભુખમરામાંથી સંપુર્ણ પણે બહાર કાઢવાની જરૂર છે. આર્થિક વિકાસની દિશામાં પણ ઝડપથી આગળ વધવાની જરૂર છે.

તેઓએ અણ્ણા હજારે અને રામદેવના ભ્રષ્ટાચાર વિરોધી દેખાવો વચ્ચે જણાવ્યું હતું કે જો લોકશાહી સંસ્થાઓ પર પ્રહાર કરવામાં આવશે તો દેશના આત્મસન્માનને ફટકો પડશે. તેમણે એવી ચેતવણી પણ આપી હતી કે સંસદ ઉપર પ્રહાર કરવા યોગ્ય નથી. તેઓએ સંસદ જેવી સંસ્થા પર પ્રહાર કરનાર લોકોની પરોક્ષ રીતે ઝાટકણી કાઢી હતી. પ્રણવે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર જેવા દુષણ સામે નારાજગી બિલકુલ વાજબી છે. કારણ કે તે એક મોટા દુષણરૂપે છે અને અમારી દેશની કુશળતા અને ક્ષમતા સામે પ્રશ્નો ઉઠાવે છે. અણ્ણા હજારે અથવા તો રામદેવનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે લોકો ધીરજ ગુમાવી રહ્યા છે પરંતુ અમારી લોકશાહી સંસ્થાઓ ઉપર પ્રહાર કરવાની બાબત બિલકુલ અયોગ્ય છે. આને ચલાવી શકાય નહીં. પીઢ સંસદ સભ્ય અને તાજેતરમાં જ રાષ્ટ્રપતિ તરીકે શપથ લઈ ચુકેલા પ્રણવ મુખરજીએ કહ્યું હતું કે લોકશાહી સંસ્થાઓ બંધારણના સ્તંભ તરીકે છે. જો તેમાં તિરાડ કરશે તો બંધારણની વિચારધારાને ટકાવી શકાશે નહીં.

કુખ્યાત આતંકવાદી જુંડાલની કસ્ટડી ૨૪મી સુધી વધારાઈ

મુંબઈ, તા.૧૪

મુંબઈની ખાસ મકોકા અદાલતે લશ્કરે તોઈબાના કુખ્યાત શખ્સ અને ૨૬/૧૧ મુંબઈ હુમલાના હેન્ડલર અબુ જુંડાલની કસ્ટડી ૨૪મી ઓગસ્ટ સુધી લંબાવી દીધી હતી. વર્ષ ૨૦૦૬ના ઓરંગાબાદ શસ્ત્ર કેસના સંબંધમાં કસ્ટડી ૨૪મી ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે. એટીએસે કોર્ટમાં માહિતી આપતા કહ્યું હતું કે જુંડાલ આ કેસમાં મુખ્ય આરોપી હતો. ઘણા મુસ્લિમોને ઉશ્કેરવાનું કામ પણ આ શખ્સે કર્યું છે. બીજી બાજુ જુંડાલે મકોકા કોર્ટના જજ એસએમ મોડક સમક્ષ રજુઆત કરી હતી કે તે તેના માતા-પિતા સાથે વાતચીત કરવા માંગે છે. ત્યારબાદ તેની રજુઆતને મજુંરી અપાઈ હતી. જજે એટીએસને આ મુજબની વ્યવસ્થા કરવા સુચના આપી હતી. શનિવારના દિવસે ૩૦ વર્ષીય જુંડાલનું જુબાની વાળુ નિવેદન નોંધવામાં આવ્યું હતું. જેમાં આ શખ્સે ૨૦૦૮માં મુંબઈ હુમલાના સંબંધમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબાની ભુમિકા અંગે માહિતી આપી હતી. મુંબઈ ક્રાંઈમ બ્રાંચની કસ્ટડીમાં જુંડાલ છે. ૨૬/૧૧ મુંબઈ હુમલા કેસમાં દિલ્હીથી જુંડાલને લાવવામાં આવ્યા બાદથી તે ક્રાંઈમ બ્રાંચની કસ્ટડીમાં છે. જુંડાલે ગયા શુકવારે જ્યુડિશીયલ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આ શખ્સે મુંબઈના આતંકવાદી હુમલામાં પોતાની ભુમિકાની કબુલાત કરવા ઈચ્છા વ્યક્ત કરી હતી. દિલ્હી કોર્ટે એટીએસને તેની કસ્ટડી આપી દીધા બાદ જુલાઈમાં જુંડાલને મુંબઈ લાવવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં આતંકવાદ સાથે સંબંધીત ગુનાઓમાં જુંડાલ વોન્ટેડ છે.

અંતે રામદેવના અનશનનો અંત

નવી દિલ્હી,તા.૧૪

યોગગુરૂ બાબા રામદેવે આજે તેમના છ દિવસ લાંબા અનશન પુર્ણ કરવાની જાહેરાત કરી હતી પરંતુ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની સામે તેમનું આદોલન યથાવત રીતે જારી રહેશે. રામદેવને બે બાળકોએ પાણી પીવડાવીને તેમનું અનશન તોડાવતા છેલ્લા છ દિવસથી ચાલતા અનશનનો અંત આવ્યો હતો. આ અગાઉ તેઓ પોતાના સમર્થકોની સાથે આંબેડકર સ્ટેડિયમને ખાલી કરાવાના મામલે પણ રાજી થઈ ગયા હતા. અલબત્ત રામદેવે કહ્યું હતું કે તેઓ વડાપ્રધાન મનમોહનસિંહને લાલકિલ્લા પર ભાષણ આપવાથી રોકી શક્યા હોત. પરંતુ જે લોકોનું કોઈ સન્માન નથી તે લોકોનું અપમાન થશે તેવું તે માનતા નથી. રામદેવે દાવો કર્યો હતો કે અમે હારીને નહીં બલ્કે જીતીને જઈ રહ્યા છે. આ અભિયાનના કારણે તમામ રાજકીય પક્ષો એક સાથે દેખાઈ રહ્યા છે. મુલાયમસિંહ

યાદવ અને માયાવતી સમર્થન પરત ખેંચી લે તો યુપીએ સરકાર એક જ દિવસમાં પડી શકે છે. એનસીપી દ્વારા પણ સમર્થન કરવામાં આવ્યું છે. ડાબેરીઓ પણ સાથે દેખાઈ રહ્યા છે. આ પ્રસંગે રામદેવે વડાપ્રધાન મનમોહનસિંહ પર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે વડાપ્રધાન ૧૫મી ઓગસ્ટના દિવસે તેમના સંબોધનના કાળા નાણાં અંગે કોઈ ખુલાસો કરે તે જરૂરી છે. વડાપ્રધાન કેમ શાંત દેખાઈ રહ્યા છે તે વાત સમજાઈ રહી નથી. વડાપ્રધાન અને કોંગ્રેસ ઉપર રામદેવે પ્રહારો કર્યા હતા. આગામી ચુંટણીઓમાં કોંગ્રેસની ભ્રષ્ટાચાર અને કાળા નાણાંના મુદ્દે જ હાર થશે તેઓ દાવો પણ તેમણે કર્યો હતો. ૪૦૦થી વધુ સાંસદો તેમની માંગણીને ટેકો આપી રહ્યા છે. કોંગ્રેસ હટાવો દેશ બચાવોની વાત તેઓએ કરી હતી. તેઓએ આશરે એક કલાક સુધી નિવેદન કર્યું હતું જેમાં કોંગ્રેસ સિવાય તમામ રાજકીય પક્ષો કાળા નાણાંના મુદ્દે સંગઠીત હોવાની તેઓએ વાત કરી હતી. મુક્ત થઈ ગયા બાદ આંબેડકર સ્ટેડિયમમાં સમર્થકોની સાથે રાત્રી ગાળ્યા બાદ રામદેવે આજે સવારે જ્યુસના ગ્લાસ સાથે અનશન તોડવાની જાહેરાત કરી હતી. અનશનનો અંત લાવ્યા બાદ તેઓ હરિદ્વારાના તેમના આશ્રમમાં જશે. જ્યારે તેમના સમર્થકો આવતીકાલની સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા વિખેરાઈ જશે. બાબા રામદેવે કહ્યું હતું કે વડાપ્રધાને રાજકિય ઈચ્છા શક્તિ દર્શાવવી જોઈએ.

જુલાઈમાં ફુગાવો ઘટી ૬.૮૭ ટકાની સૌથી નીચી સપાટી પર

નવી દિલ્હી,તા. ૧૪

માસિક રીતે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) પર આધારિત ફુગાવાનો વાર્ષિક દર જુલાઈ મહિનામાં ૬.૮૭ટકા રહ્યો છે. જાન્યુઆરી ૨૦૧૦ બાદથી ફુગાવો સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. અલબત્ત અર્થશાસ્ત્રીઓ આને લઈને સંતુષ્ટ નથી. અર્થશાસ્ત્રીઓ માને છે કે અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે સપ્ટેમ્બરમાં તેની મિટિંગમાં આરબીઆઈની વ્યાજદરમાં કાપ મુકવાની જરૂર છે. ફ્યુઅલ અને ખાદ્યાન ફુગાવો હજુ પણ દબાણ લાવી રહ્યું છે. નિષ્ણાંતોએ આગાહી કરી હતી કે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ ફુગાવો જુલાઈમાં ૭.૩૭ ટકા રહેશે. જુનમાં ફુગાવો ૭.૨૫ ટકા હતો. ફુગાવો છેલ્લા બે અઢી વર્ષથી સાત ટકાથી ઉપર હતો. જેથી આરબીઆઈ નાણાંકિય નીતિને હળવી કરવામાં મુશ્કેલી પડી રહી હતી. નવેસરના આંકડા દર્શાવે છે કે ખાદ્યાન ચીજવસ્તુઓની કિંમતો જુલાઈમાં દશ ટકાથી વધી છે. પરંતુ ફ્યુઅલ ફુગાવો જુલાઈમાં ઘટીને ૫.૯૮ ટકા થયો છે. જે ડિસેમ્બર ૨૦૦૯ બાદથી તેની સૌથી નીચી સપાટી છે. જુનમાં ૧૦.૨૭ ટકા હતો. આવી જ રીતે મેન્યુફેક્ચરિંગ ફુગાવો પાંચ ટકા હતો જે વધીને જુલાઈમાં ૫.૫૮ ટકા થયો છે. ભારતમાં વ્યાજદર મોટા ઉભરતા અર્થતંત્રોમાં સૌથી વધુ છે. પરંતુ વિકાસમાં ગતી ધીમી પડી છે. જેના કારણે ૧૭મી સપ્ટેમ્બરના દિવસે યોજાનારી રિઝર્વ બેંકની પોલીસી મિટિંગમાં રેટમાં ઘટાડો કરવા દબાણ લાવવામાં આવી રહ્યું છે.

મુંબઇ હિંસા મામલે લોકસભામાં હોબાળો

નવી દિલ્હી, તા.૧૪

આસામમાં સાંપ્રદાયિક હિંસાની પ્રતિક્રિયા રૂપે મુંબઈમાં હિંસાનો મામલો આજે સતત બીજા દિવસે સંસદમાં છવાયેલો રહ્યો હતો. શિવસેના અને ભાજપે કેન્દ્રિય દરમિયાનગીરીની માંગણી કરી હતી. સાથે સાથે હિંસાના બનાવમાં જ્યુડિશીયલ તપાસની માંગ કરી હતી. લોકસભા અને રાજ્યસભા બંનેમાં આ મુદ્દો છવાએલો રહ્યો હતો. ભાજપ અને શિવસેનાએ આ મુદ્દાને ચમકાવ્યો હતો. શિવસેના પર પ્રહાર કરતા કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે પક્ષના મુખપત્ર સામનામાં લેખ લખીને લોકોને ઉશ્કેરવાનું કામ શિવસેના દ્વારા કરવામાં આવી રહ્યું છે. રાજ્યસભામાં ભાજપ અને શિવસેના તથા એનડીએના સાથી પક્ષ જેડીયુ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ગઈકાલે લોકસભામાં આ મુદ્દો ભારે હોબાળો થતાં કામગીરી મોકુફ કરવાની ફરજ પડી હતી. શિવસેનાના નેતા અનંત ગીતેએ કહ્યું હતું કે મુંબઈમાં ભડકેલી હિંસામાં તેઓને કાવતરુ દેખાય છે. કેટલાક એવા લોકો હિંસામાં સામેલ હતા જે દેશભરમાં હિંસા ફેલાવા માંગે છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણના કહેવાતા નિવેદનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે મુખ્યમંત્રી પણ વિદેશી હાથ હોવાની શંકા વ્યક્ત કરી ચુક્યા છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર હિંસાને કાબુમાં લેવામાં સંપુર્ણ નિષ્ફળ ગઈ છે. કેન્દ્ર સરકારને મામલામાં દરમિયાનગીરી કરવાની જરૂર છે. કારણે લોકો દહેશતમાં રહે છે. જો જરૂર પડેતો કેન્દ્ર સરકારે પણ દરમિયાનગીરી કરવી જોઈએ. ગૃહમંત્રી સુશીલ કુમાર શિન્દેએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા કે નિવેદન આપ્યું નથી. જે ખુબ જ દુઃખદ છે.